1 રૂઢિપ્રયોગનો અર્થ આપો: હૈયું ભાંગી નાખવું

(A) કોઇનું ન સાંભળવું
(B) ખતમ કરી નાખવું
(C) અત્યંત શ્રમ કરવો
(D) મોટો આઘાત પહોંચવો

2 અંકુશ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

(A) અંકોડો
(B) પરિમાણ
(C) પરિણામ
(D) દાબ

3 ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાય આટે – કહેવતની સમાનાર્થી કહેવત કઇ છે?

(A) રૂપે રૂડી કર્મે ભૂંડી
(B) નામ મોટાને દર્શન ખોટા
(C) ઘર બાળી તીરથ કરવું
(D) ન બોલ્યામા નવ ગુણ

4 "જિતેન્દ્રિય" કયા સમાસનું ઉદાહરણ છે?

(A) દ્વન્દ્વ
(B) તત્પુરુષ
(C) બહુવ્રીહિ
(D) કર્મધારય

5 "નવરાત્રી" શબ્દનો સમાસ જણાવો.

(A) દ્વિગુ
(B) મધ્યમપદલોપી
(C) કર્મધારય
(D) તત્પુરુષ

6 ઘેટી ચરવા ગઇને અને ઊન મૂકીને આવી. – કહેવતનો અર્થ સ્પષ્ટ કરો.

(A) ઊન ખુબ જ મૂલ્યવાન હોય છે.
(B) ઘેટીને બહાર ચરવા ના મોકલાય.
(C) સામે ચાલીને આવતો ફાયદો જતો કરવો.
(D) થોડો ફાયદો મેળવવા જતાં મોટી હાનિ વેઠવી.

7 નીચે પૈકી કયા છંદના બંધારણમાં દરેક ચરણમાં પંદર માત્રા આવે?

(A) દોહરો
(B) ચોપાઇ
(C) હરિગીત
(D) સવૈયા

8 વિદ્યા ભણ્યો જેહ, તેહ ઘેર વૈભવ રૂડો. – અલંકાર ઓળખાવો.

(A) પ્રાસસાંકળી
(B) અતિશયોક્તિ
(C) વ્યતિરેક
(D) ઉપમા

9 ઉદ્યમી શબ્દનો વિરોધી શબ્દ આપો.

(A) કામગરો
(B) આળસુ
(C) નિંદ્રાઘોર
(D) આપેલ પૈકી એકપણ નહિ

10 ખોટી જોડણી શોધો.

(A) ભૂમિકા
(B) નિરુપયોગી
(C) કાકલુદી
(D) વિણાપાણી

11 વ્યતિરેક અલંકારનું ઉદાહરણ ઓળખાવો.

(A) વદન સુધાકરને રહ્યું નિહાળી
(B) એની વાણી તો અમૃત થીએ મીઠી છે
(C) ચોમાસું આવતા સૃષ્ટિ નવું જીવન મેળવે છે
(D) વૃક્ષો ડોલતા ડોલતા માથું હલાવી નકારે

12 નાક લીટી તાણવી – રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) ભૂલનો સ્વીકાર કરવો
(B) તદ્દન તાબે થઇ જવું
(C) શાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા
(D) આપેલ પૈકી એકપણ નહિ

13 ભરમાંડ શબ્દનું સાચું શિષ્ટ રૂપ કયું છે?

(A) ભ્રમર
(B) ભરવાડ
(C) બ્રહ્માંડ
(D) ભરમાર

14 સરંગટ શબ્દનો અર્થ

(A) ઘૂંઘટ
(B) શ્યામવર્ણ
(C) તાબે થયેલ
(D) મિથ્યાભિમાની

15 સાચી સંધિનો જોડ ઓળખાવો.

(A) અદ્ય + અપિ = અદ્યપિ
(B) અધિક + લંકાર = અધિકોલંકાર
(C) અનેક + અંત = અનેકાંત
(D) અન્ય + અન્ય = અન્યાય

16 નીચે પૈકી કઈ જોડણી ખોટી છે?

(A) નિરીક્ષક
(B) ડીંડલિયુ
(C) ફીચર
(D) નિંદણ

17 નીચે પૈકી કયો શબ્દ 'રાત' નો પર્યાય નથી?

(A) નિશિ
(B) દામિની
(C) શર્વરી
(D) યામિની

18 વિરોધી શબ્દની ખોટી જોડ ઓળખાવો.

(A) શ્રીમંત x નિષ્કિંચન
(B) અંતરંગ x બહિરંગ
(C) નિરામય x રોગીષ્ટ
(D) આસક્ત x અનુરક્ત

19 સાચી સંધિ ઓળખાવો: ધનુષ્બાણ

(A) ધનુષ્ + બાણ
(B) ધનુષ + બાણ
(C) ધનુસ્ + બાણ
(D) આપેલ પૈકી એકપણ નહિ

20 નીચે પૈકી કઈ જોડ ખોટી છે?

(A) ભપકો x સાદગી (B) કોલાહલ x નીરવ

(C) હેત x ધિક્કાર (D) ગ્લાનિ x પ્રસન્નતા

21 By next month, we ______ in this house for ten years.

(A) live (B) Lived

(C) have lived (D) will have leaved

22 Change into Passive Voice: Someone has stolen my purse.

(A) My purse was stolen. (B) My purse has been stolen.

(C) My purse is stolen. (D) My purse had been stolen.

23 Change into Indirect Speech: He said to me, "Do you know the answer?"

(A) He asked me if I knew the answer. (B) He asked me do I know the answer.

(C) He told me if I knew the answer. (D) He asked me that I knew the answer.

24 I saw _____ one-eyed man on the street.

(A) a (B) An

(C) the (D) No article

25 _____ student in the class passed the exam.

(A) Each (B) Every

(C) Either (D) Both

26 Neither of the boys did _____ homework.

(A) their (B) his

(C) her (D) Its

27 If he _____ harder, he will pass the exam.

(A) worked (B) works

(C) had worked (D) was working

28 He has been absent _____ Monday.

(A) from (B) For

(C) since (D) At

29 Choose the correct meaning or appropriate use of the given phrasal verb:
I can't **put up with** his rude behavior anymore.

(A) Tolerate (B) Argue with

(C) Talk about (D) Agree with

30 Choose the correct transformation of the given sentence from **affirmative to negative**: He is always punctual.

(A) He is not never punctual.
(B) He is not punctual.
(C) He is not always punctual.
(D) He is never unpunctual.

31 A person who speaks many languages —

(A) Polyglot
(B) Philologist
(C) Orator
(D) Linguist

32 Give synonym for the given word: OBSTINATE

(A) Flexible
(B) Polite
(C) Stubborn
(D) Humble

33 Give antonym for the given word: HUMBLE

(A) Proud
(B) Simple
(C) Modest
(D) Polite

34 Arrange the sentence parts logically:
P. it was raining heavily
Q. we decided to stay inside
R. since
S. the whole day

(A) PSRQ
(B) RPQS
(C) PSQR
(D) RPSQ

35 Choose the most accurate Gujarati translation for the given sentence:
If I had known about the meeting, I would have attended it.

(A) જો મને મીટીંગ વિશે ખબર હોત, તો હું હાજર ન રહેત.
(B) જો મને મીટીંગ વિશે ખબર ન હોત, તો હું હાજર રહેત.
(C) જો મને મીટીંગ વિશે ખબર હોત, તો હું હાજર રહેત.
(D) જો હું મીટીંગમાં ગયો હોત, તો મને ખબર પડત.

36 By the time we reached the station, the train _____.

(A) Left
(B) had left
(C) has left
(D) was leaving

37 Select the correct sentence.

(A) He has visited Paris last year.
(B) He visited Paris last year.
(C) He had visited Paris last year.
(D) He was visiting Paris last year.

38 Identify the main verb in the sentence: She quickly finished her homework before dinner.

(A) Quickly (B) Homework

(C) finished (D) Dinner

39 Identify the uncountable noun from the options:

(A) Rice (B) Chair

(C) Book (D) Pen

40 Which idiom best fits the sentence? "When it comes to solving puzzles, Riya is really ______."

(A) In her element (B) On cloud nine

(C) Up in the air (D) Out of the woods

41 લાંચના છટકામાં નોટ્સ પર કયા પાઉડરનો ઉપયોગ થાય છે જેથી આરોપીની હાથ ધોવાની પ્રક્રિયા દરમિયાન રંગ બદલાઈ જાય?

(A) કોપર સલ્ફેટ પાઉડર (B) ફીનોલ્ફથેલીન પાઉડર

(C) ઝીંક ઓકસાઇડ પાઉડર (D) લાઇમ પાઉડર

42 ભ્રષ્ટાચાર નિવારણ અધિનયમ, 1988 ની કઈ કલમ હેઠળ ખાસ ન્યાયધીશની નિમણૂક કરવામાં આવે છે?

(A) કલમ -5 (B) કલમ – 4

(C) કલમ -3 (D) કલમ -10

43 ભ્રષ્ટાચાર નિવારણ અધિનયમ, 1988 હેઠળ કોઈ સેવક દોષી ઠરે તો ઓછીમાં ઓછી કેટલી સજા થશે?

(A) 6 મહિના (B) 2 વર્ષ

(C) 2 મહિના (D) 1 વર્ષ

44 101મો બંધારણીય સુધારો કોની સાથે સંબંધ ધરાવે છે?

(A) ઓબીસી અનામત (B) બાગ્લાદેશ સાથે સરહદ સમજુતી

(C) જી.એસ.ટી (D) આપેલ પૈકી એકપણ નહિ

45 રાજય જાહેર સેવા આયોગના કાર્યો માટે કયો અનુચ્છેદ છે?

(A) 315 (B) 320

(C) 321 (D) 322

46 NPS હેઠળ એક નાણાકીય વર્ષમાં સબ્સ્ક્રાઇબર કેટલી વખત Pension Fund Manager (PFM) બદલી શકે છે?

(A) એક વખત (B) બે વખત

(C) ત્રણ વખત (D) ચાર વખત

47 NPS હેઠળ PRAN કોના દ્વારા જારી કરવામાં આવે છે?

(A) પેન્શન ફંડ મેનેજર (PFM) દ્વારા
(B) PFRDA દ્વારા
(C) નિમણૂંક આપનાર જે તે વિભાગ દ્વારા
(D) Central Record-keeping Agency (CRA) દ્વારા

48 NPS માં નિવૃત્તિ સમયે એકત્ર થયેલ ફંડમાંથી મહત્તમ કેટલા ટકા રકમ એકમુષ્ટ (lump-sum) રૂપે ઉપાડી શકાય છે?

(A) 40%
(B) 50%
(C) 60%
(D) 75%

49 NPS માં જોડાવા માટેની ન્યૂનતમ વય 18 વર્ષ છે. તાજેતરના સુધારેલા નિયમો અનુસાર મહત્તમ વયસીમા કેટલી છે?

(A) 55 વર્ષ
(B) 70 વર્ષ
(C) 65 વર્ષ
(D) 60 વર્ષ

50 બળવંતરાય મહેતાનું નામ નીચે પૈકી કયા સાથે જોડાયેલ છે?

(A) દેશી રાજયોનું એકીકરણ
(B) ભાષાવાર પ્રાંતરચના
(C) પંચાયતી રાજ
(D) ભારતની પ્રાંતરચના

51 RTI Act, 2005 ની કઈ કલમમાં "માહિતી" (Information) ની વ્યાખ્યા આપવામાં આવી છે?

(A) કલમ 2(b)
(B) કલમ 2(f)
(C) કલમ 2(d)
(D) આપેલ પૈકી એકપણ નહિ

52 RTI એક્ટ, 2005 અંતર્ગત કેન્દ્રીય માહિતી પંચની રચના કઈ કલમ હેઠળ કરવામાં આવે છે?

(A) 15
(B) 20
(C) 25
(D) 12

53 ગુજરાત માહિતી અધિકાર નિયમો કયાં વર્ષમાં આવ્યા?

(A) 2010
(B) 2005
(C) 2008
(D) 2007

54 RTI એક્ટ, 2005 અંતર્ગત રેકર્ડ એટલે?

(A) કોઈ દસ્તાવેજ, હસ્તપ્રત અને ફાઇલ
(B) કોઈ દસ્તાવેજની માઇક્રોફિલ્મ, માઇક્રોફીશ અથવા ફેસીમાઇલ નકલ
(C) કોમ્પ્યુટર અથવા બીજા કોઈ સાધનથી રજૂ કરેલી બીજી કોઈ સામગ્રી
(D) આપેલ તમામ

55 જો પંચાયતનું વિસર્જન થાય તો કેટલા સમયગાળાની અંદર ચૂંટણી યોજવી પડે?

(A) 1 વર્ષ
(B) 6 મહિના
(C) 3 મહિના
(D) 1 મહિનો

56 ભારતના બંધારણનો કયો ભાગ કલ્યાણ રાજય (Welfare State) ના ખ્યાલને સમાવિષ્ટ કરે છે?

(A) આમુખ
(B) મૂળભૂત હક્કો
(C) મૂળભૂત ફરજો
(D) રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો

57 સોલિસીટર જનરલનું કાર્ય નીચે પૈકી કયું છે?

(A) સરકાર પક્ષે કાનુની સલાહકાર
(B) મફત કાનૂની સહાય
(C) કાયદા ઘડનાર
(D) આપેલ તમામ

58 ગુજરાત સરકાર દ્વારા વહીવટી વ્યવસ્થામાં સુધારા લાવવા માટે GARC ની રચના કરવામાં આવી. આ સંદર્ભે GARC નું પુરુ નામ જણાવો.

(A) Gujarat Administrative Reforms Committee
(B) Gujarat Administrative Reforms Commission
(C) Gujarat Administrative Regulatory Commission
(D) Gujarat Administrative Regulatory Committee

59 'કાયાકલ્પ' નામની રાષ્ટ્રીય પહેલ કયા મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી?

(A) નાણા મંત્રાલય
(B) કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલય
(C) આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય
(D) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય

60 કેન્દ્ર – રાજ્યના સંબંધ બાબતે ગઠિત કમિશન 'પૂંછી કમિશન' ની કયા વર્ષમાં રચના કરવામાં આવી હતી?

(A) 2005
(B) 2007
(C) 2009
(D) 2011

61 અંબુભાઈ પુરાણી પુરસ્કાર કયા ક્ષેત્રમાં શ્રેષ્ઠ કામગીરી માટે આપવામાં આવે છે

(A) ચિત્રકળા માટે
(B) વિસરતી જતી ભવાઈ કળા માટે
(C) વ્યાયામશાળા
(D) લેખન કાર્ય

62 OBM બોટધારક માછીમારોને કેરોસીન અને પેટ્રોલની કેટલી સહાય આપવામાં આવે છે?

(A) 200 લિટર
(B) 250 લિટર
(C) 450 લિટર
(D) 300 લિટર

63 ખેડુતોને સ્માર્ટફોનની ખરીદી પર કેટલી સહાય આપવામાં આવે છે?

(A) ₹10,000 અથવા ખરીદ કિંમતના 50% બે માંથી જે ઓછું હોય તે
(B) ₹6,000 અથવા ખરીદ કિંમતના 40% બે માંથી જે ઓછું હોય તે
(C) ₹10,000 અથવા ખરીદ કિંમતના 60% બે માંથી જે ઓછું હોય તે
(D) ₹4,000 અથવા ખરીદ કિંમતના 40% બે માંથી જે ઓછું હોય તે

64 નીચે પૈકી કયો અનુચ્છેદ માર્શલ લો (લશ્કરી કાયદા) સાથે સંકળાયેલ છે?

(A) અનુ. 34 (B) અનુ. 36

(C) અનુ. 51 (D) અનુ. 48

65 સ્વતંત્રતાના અધિકારો બંધારણના કયા અનુચ્છેદમાં આપવામાં આવ્યા છે?

(A) અનુ. 19 થી 22 (B) અનુ. 23 થી 25

(C) અનુ. 25 થી 28 (D) અનુ. 29 થી 32

66 કોઈપણ રાજ્યના નામમાં પરિવર્તન કરવાનો અધિકાર નીચે પૈકી કોનો છે?

(A) વડાપ્રધાન (B) રાષ્ટ્રપતિ

(C) સંસદ (D) રાજ્ય સભા

67 દેશની આઝાદી બાદ રાષ્ટ્રીય ધ્વજની ડિઝાઈન નક્કી કરવા 'ઝંડા સમિતિ' ના અધ્યક્ષ કોણ હતા?

(A) જે.બી કૃપલાણી (B) રામ મનોહર સિંહ

(C) એમ. એસ. સુબ્બુલક્ષ્મી (D) પિંગલી વૈકયા

68 ભારતની સંસદની કાર્યવાહીમાં અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ ગેરહાજર હોય તો

(A) ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવે છે.

(B) સંસદીય બાબતોના કેબિનેટ કક્ષાના મંત્રી ગૃહનું કામકાજ સંભાળે છે.

(C) સંસદીય બાબતોના રાજયકક્ષાના મંત્રી ગૃહનું કામકાજ સંભાળે છે.

(D) સ્પીકર્સ પેનલના સભ્યો પૈકી કોઇ એક ગૃહનું કામકાજ સંભાળે છે.

69 લોકસભાના સ્પીકર વિશે નીચેનાં વિધાનો માંથી સાચું પસંદ કરો.

(A) તેઓને ચૂંટવામાં રાજયસભાના સભ્યો મતદાન કરી શકે છે.

(B) તેઓની નિમણૂક લોકસભાના બહૂમતી ધરાવતા પક્ષના નેતા દ્વારા કરવામાં આવે છે.

(C) તેઓને લોકસભાના સભ્યો દ્વારા ચૂંટી કાઢવામાં આવે છે.

(D) આપેલ પૈકી એકપણ નહિ

70 નીચેનામાંથી કોનો મૂળભૂત અધિકારોમાં સમાવેશ થાય છે?

(A) જીવવાનો અધિકાર (B) ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર

(C) વાણી સ્વાતંત્ર્યનો અધિકાર (D) આપેલ તમામ

71 ઉત્તર ગુજરાતની આદીવાસી સ્ત્રીઓના પહેરવેશ બાબતે નીચે પૈકી કયું સંબધિત છે?

(A) કચ્છો (B) ઝૂલેરી

(C) હજૂરિયો (D) કાંસા

72 ગુજરાતમાં નીચે પૈકી કઇ આદિવાસી પ્રજાની વસ્તી વધુ છે?

(A) ભીલ (B) રાઠવા

(C) ચૌધરી (D) વારલી

73 બાવા પ્યારાની ગુફાઓ કયા આવેલી છે?

(A) અંજતાની ગુફામાં (B) ઇલોરાની ગુફામાં

(C) કચ્છ (D) જુનાગઢ

74 ગુજરાતના ઉત્સવો બાબતે નીચે માંથી કયું ખોટું છે?

(A) મેઘરાજા છડી ઉત્સવ – કચ્છ (B) કવાંટ્નો ગેરનો મેળો – છોટા ઉદેપુર

(C) ગોળ ગધેડાનો મેળો- જેસવાડા (D) શાહ આલમનો મેળો – અમદાવાદ

75 ગુજરાતની કઈ આદિવાસી જાતિમાં ખંધાડપ્રથા જોવા મળે છે?

(A) તડવી (B) ભીલ

(C) ગામીત (D) રાઠવા

76 નીચે પૈકી કયા શહેરને છોટા કાશી તરીકે પણ ઓળખવામાં આવે છે?

(A) નર્મદા (B) જામનગર

(C) દ્વારકા (D) વેરાવળ

77 નીચેનામાંથી 'રતિલાલ બોરીસાગર' ની કૃતિ કઈ છે ?

(A) સંભાવામી યુગે યુગે (B) વિનોદની નજરે

(C) ગોવિંદે માંડી ગોઠડી (D) જ્યોતીન્દ્ર દવે

78 કયા સાહિત્યકારે 'પરિક્રમા નર્મદા મૈયાની' પુસ્તક દ્વારા ગુજરાતી પ્રવાસ સાહિત્યમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે?

(A) મધુરાય (B) ધ્રુવ ભટ્ટ

(C) અમૃતલાલ વેગડ (D) રઘુવીર ચૌધરી

79 ગુજરાત સાહિત્ય પરિષદનું 'પરબ' મહિનાની કઇ તારીખે પ્રકાશિત થાય છે?

(A) 1 (B) 10

(C) 25 (D) 30

80 નીચે આપેલ સંગ્રહાલયમાં ભારતીય વારસા અને ઇતિહાસમાં રસ ધરાવતા માટે ચિત્રોથી લઇને હસ્તપ્રતોનું માટે કયું લાગુ પડે છે?

(A) લાલભાઇ દલપતભાઇ સંગ્રહાલય (B) વોટસન સંગ્રહાલય

(C) દરબાર હોલ સંગ્રહાલય (D) મહારાજા ફતેહ સિંહ સંગ્રહાલય

81 ગુજરાતમાં ડાયનાસોરના અશ્મિઓ કયાં મળી આવ્યા છે?

(A) ધોળાવીરા (B) જુનાગઢ

(C) લોથલ (D) બાલાસિનોર

82 પૂર્વીય હિસ્સાને બાદ કરતાં કચ્છનો મોટો ભાગ કયા ભૂકંપના ઝોનમા આવે છે?

(A) ઝોન – 3
(B) ઝોન – 5
(C) ઝોન – 4
(D) ઝોન – 1

83 સૌરમંડળનો કયો ગ્રહ પશ્ચિમમાં સૂર્યોદય અનુભવે છે?

(A) મંગળ
(B) બુધ
(C) શુક્ર
(D) ગુરુ

84 ભારતમાં નીચેના પૈકી કયો દરિયાકાંઠો ઉત્તર- પૂર્વ ચોમાસાનો વરસાદ મેળવે છે.

(A) કોંકણનો દરિયાકાંઠો
(B) મલબારનો દરિયાકાંઠો
(C) કોરોમંડલનો દરિયાકાંઠો
(D) ગુજરાતનો દરિયાકાંઠો

85 ભારત અને તિબેટને જોડતો મુખ્ય માર્ગ કે જે કાલીમપોંગ અને લ્હાસા ને જોડે છે તે કયાંથી પસાર થાય છે?

(A) થાગ લા
(B) ઝોજીલા
(C) જેલેપ લા
(D) શીપકી લા

86 ભારતના કયા રાજયમાં થોરિયમનો સૌથી વધુ જથ્થો આવેલો છે?

(A) તમિલનાડુ
(B) કેરળ
(C) રાજસ્થાન
(D) આપેલ પૈકી એકપણ નહિ

87 ઝુઆરી નદીના મુખના પ્રવેશ સ્થાને સ્થિત કયુ બંદર આવેલું છે?

(A) કંડલા
(B) ન્હાવાશેવા
(C) મોરમુગાઓ
(D) મેંગ્લોર

88 ગુજરાતની રુપેણ નદી બાબતે નીચે પૈકી કયું વિધાન સાચું છે?

(A) રુપેણ નદી તારંગાની ટેકરીઓમાંથી ઉદભવે છે અને કચ્છના રણને મળે છે.
(B) આ નદીની લંબાઇ આશરે ૧૬૦૦ કિમી છે.
(C) આ નદીની એકમાત્ર સહાયક નદી પુષ્પાવતી છે
(D) આપેલ તમામ

89 નર્મદા અને તાપી કયા રાજયમાંથી ઉદભવે છે?

(A) રાજસ્થાન
(B) ગુજરાત
(C) મહારાષ્ટ્ર
(D) મધ્યપ્રદેશ

90 ગિરમલ ધોધ (Girmal Waterfall) કયા જિલ્લામાં આવેલ છે?

(A) ડાંગ
(B) નવસારી
(C) ગીર સોમનાથ
(D) નર્મદા

91 મૈત્રક વંશનો કુલધર્મ કયો હતો?

(A) વૈષ્ણવ
(B) શૈવ
(C) આજીવક
(D) બ્રહ્મ

92 સિંધુ સંસ્કૃતિનું સૌથી મોટું ભારતીય સ્થળ કયું છે?

(A) મોહ – જે – દડો
(B) લોથલ
(C) ચાહુ – જે – દડો
(D) ધોળાવીરા

93 બહાઈ મંદિર (કમળ આકારનું મંદિર) કયાં આવેલું છે?

(A) માઉન્ટ આબુ
(B) સાંચી
(C) નવી દિલ્હી
(D) આગ્રા

94 ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કયારે થઈ હતી?

(A) 1868
(B) 1858
(C) 1848
(D) 1838

95 ક્રાંતિકારી સરદારસિંહ રાણાનો જન્મ ગુજરાતના કયાં જીલ્લામાં થયો હતો?

(A) અમદાવાદ
(B) સુરેન્દ્રનગર
(C) રાજકોટ
(D) જામનગર

96 ગાંધીજીના લગ્ન કેટલા વર્ષે થયા હતા?

(A) 19
(B) 15
(C) 12
(D) 13

97 આઝાદ ભારતના પ્રથમ ગૃહમંત્રી કોણ હતા?

(A) ગુલજારી લાલ નંદા
(B) વલ્લભભાઈ પટેલ
(C) જવાહર લાલ નેહરુ
(D) ગોવિંદ વલ્લભ પંત

98 મહાગુજરાતની લડતની ટેકો આપવા માટે કયું દૈનિક શરૂ કરવામાં આવ્યું હતું?

(A) દૈનિક જાગરણ
(B) સંદેશ
(C) નવગુજરાત
(D) આપેલ પૈકી એકપણ નહિ

99 ચોથી બૌધ સભાનું આયોજન કયા સ્થળે કરવામાં આવેલું હતું?

(A) કાશ્મીર
(B) પાટલીપુત્ર
(C) વૈશાલી
(D) સપ્તપર્ણી

100 બ્રિટિશ ઈસ્ટ ઇન્ડિયા કંપનીનું ભારતમાં સૌપ્રથમ મુખ્યાલય _______ ખાતે હતું.

(A) અમદાવાદ
(B) મુંબઇ
(C) દિલ્હી
(D) સુરત

101 નીતિ આયોગનો પ્રોજેક્ટ SATH-E માટે નીચે પૈકી કયા રાજ્યની પસંદગી કરવામાં આવી હતી?

(A) ઝારખંડ
(B) ઓડીસા
(C) મધ્યપ્રદેશ
(D) આપેલ તમામ

102 નવેમબર 2025 ની સ્થિતિએ પોલીસી રેપો રેટ કેટલો છે?

(A) 6.00%
(B) 5.00%
(C) 5.50%
(D) 5.75%

103 નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળ Bureau of Civil Aviation Security (BCAS) નું સ્વતંત્ર વિભાગ તરીકે કયા વર્ષમાં પુનર્ગઠન કરવામાં આવ્યું?

(A) 1987
(B) 1978
(C) 1999
(D) 1991

104 નીચે પૈકી TRAI (Telecom Regulatory Authority of India) ના ચેરમેન કોણ છે?

(A) ડૉ. આર. એસ. શર્મા
(B) અતુલ કુમાર ચૌધરી
(C) રીતુ રંજન મિત્તર
(D) અનિલ કુમાર લાહોટી

105 જૂની કર પ્રણાલી મુજબ કલમ 80D હેઠળ માતા-પિતા (સિનીયર સીટીઝન)ના સ્વાસ્થ્ય વીમા પ્રીમિયમની ચૂકવણીમાંથી વધુમાં વધુ કેટલી રકમ કર કપાત તરીકે બાદ મળે છે?

(A) ₹ 25,000
(B) ₹ 50,000
(C) ભરેલ પ્રીમિયમની રકમ જેટલાં પૂરેપૂરા
(D) આપેલ પૈકી એકપણ નહિ

106 ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ પોલીસી ________.

(A) 2017
(B) 2018
(C) 2019
(D) 2020

107 નીચે પૈકી કઈ યોજનામાં વાર્ષિક ₹6,000/- ની નાણાંકીય સહાય ખેડૂતોને પૂરી પાડવામાં આવે છે?

(A) PM-KISAN
(B) PM-KMY
(C) PMFBY
(D) RKVY

108 કયા વર્ષને આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ હતું?

(A) 2021
(B) 2022
(C) 2023
(D) 2024

109 આયોજન પંચનું કયા વર્ષમાં વિસર્જન કરવામાં આવ્યું?

(A) 2014
(B) 2015
(C) 2016
(D) 2017

110 વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી કોણ છે?

(A) શ્રી જિતિન પ્રસાદ
(B) શ્રી પિયુષ ગોયલ
(C) શ્રી એચ ડી કુમારસ્વામી
(D) શ્રી બળવંતસિંહ રાજપૂત

111 એસિડ વરસાદ મુખ્યત્વે કયા બે પદાર્થોના ઉત્સર્જનને કારણે થાય છે?

(A) કાર્બન મોનોક્સાઈડ અને નાઈટ્રોજન
(B) સલ્ફર ડાયોકસાઈડ અને નાઈટ્રોજન ઓક્સાઈડ
(C) મિથેન અને એમોનિયા
(D) ઓક્સિજન અને હાઈડ્રોજન

112 1972 માં કયા દેશે માનવ પર્યાવરણ પર પ્રથમ સંયુકત રાષ્ટ્ર પરિષદનું આયોજન કર્યું હતું?

(A) સ્વીડન
(B) યુનાઈટેડ સ્ટેટ્સ
(C) ફ્રાન્સ
(D) બ્રાઝિલ

113 "નાગોયા પ્રોટોકોલ" નીચેનામાંથી કોની સાથે સંબંધિત છે?

(A) આંતરરાષ્ટ્રીય નાણા
(B) ફાર્માસ્યુટિકલ ઉદ્યોગ
(C) જૈવવિવિધતા
(D) ગ્લોબલ વોર્મિંગ

114 પર્યાવરણ સંબંધમાં સજીવોના અભ્યાસને ________ કહેવામાં આવે છે.

(A) પ્રાણીશાસ્ત્ર
(B) ઇકોલોજી
(C) કીટશાસ્ત્ર
(D) પેલિનોલોજી

115 મુદુમલાઈ અભ્યારણ્ય ________ માટે પ્રખ્યાત છે.

(A) વાઘ
(B) રિંછ
(C) સિંહ
(D) ચિતા

116 કિશનગંગા નદી કઈ નદીની ઉપનદી છે?

(A) સતલુજ
(B) બિયાસ
(C) જેલમ
(D) રવિ

117 નીચેનામાંથી કયા ગ્રીનહાઉસ વાયુઓ છે?

(A) કાર્બન ડાયોકસાઈડ
(B) મિથેન
(C) હાઈડ્રોફ્લોરોકાર્બન
(D) આપેલ તમામ

118 ચિપકો આંદોલનની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી?

(A) સુંદરલાલ બહુગુણા
(B) મહાત્મા ફુલે
(C) ઉત્તરાખંડ સરકાર
(D) એન.કે.બાસુ

119 લુપ્તપ્રાય પ્રજાતિઓની યાદી આપતી રેડ ડેટા બુકની કોના દ્વારા જાળવણી કરવામાં આવે છે?

(A) IUCN
(B) WHO
(C) WWF
(D) UNO

120 કયા વાતાવરણીય સ્તરમાં મોટાભાગના વાદળો હોય છે?

(A) મેસોસ્ફિયર (B) થર્મોસ્ફિયર

(C) એક્સોસ્ફિયર (D) ટ્રોપોસ્ફિયર

121 કયા દેશે વિશ્વનો પ્રથમ લાકડાનો ઉપગ્રહ લીગ્નોસેટ (LignoSat) વિકસાવ્યો?

(A) ભારત (B) ચીન

(C) અમેરિકા (D) જાપાન

122 બેટરી સમિટ 2025 માં કયા સરકારી વિભાગ હેઠળ "બેટરી આધાર" પહેલ શરૂ કરવામાં આવી હતી?

(A) વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ (B) નવીનીકરણીય ઉર્જા વિભાગ

(C) વાણિજ્ય વિભાગ (D) રસાયણો વિભાગ

123 લેપ્ટોસ્પાયરોસિસ _______ ને કારણે થતો રોગ છે.

(A) ફૂગ (B) પ્રોટોઝોઆ

(C) વાયરસ (D) બેક્ટેરિયા

124 મૂળભૂત ધાતુઓ પૈકી ઉષ્માની સૌથી ઉત્તમ સુવાહક ધાતુ કઈ છે?

(A) સોનું (B) ચાંદી

(C) તાંબુ (D) એલ્યુમિનિયમ

125 ભારતની ટૂંકી અંતરની મિસાઇલ છે ?

(A) અગ્નિ (B) અર્જુન

(C) નાગ (D) પૃથ્વી

126 માનવ શરીરમાં સૌથી મોટા હાડકાનું નામ શું છે?

(A) સ્ટેપસ (B) હ્યુમરસ

(C) ફીમર (D) કાર્પલ્સ

127 કઈ પદ્ધતિથી એમોનિયા વાયુમાંથી નાઇટ્રિક એસિડ મેળવવામાં આવે છે?

(A) હેબર પદ્ધતિ (B) ઓસ્વાલ્ડ પદ્ધતિ

(C) સંપર્ક પદ્ધતિ (D) ફ્રાશ પદ્ધતિ

128 શરીરમાં લોહ તત્વની ઉણપથી ક્યો રોગ થાય છે?

(A) સાઇડ્રોસીસ (B) એનીમિયા

(C) વિલ્સન (D) હીમોફીલિયા

129 વાસણ સાફ કરવા શેનો ઉપયોગ થાય છે?

(A) બેંકિંગ સોડા (B) સ્ટીલ વુલ

(C) સ્ટીલ વાયર (D) કોપર

130 તાજેતરમાં ઇસરો દ્વારા જાહેર કરવામાં આવ્યું કે ભારતે પણ પોતાનું સ્પેશ સ્ટેશન વર્ષ ______ સુધીમાં બનાવાનો લક્ષ્યાંક રાખ્યો છે.

(A) 2030 (B) 2040

(C) 2035 (D) 2045

131 3 ÷ 3 ÷ 3 ÷ 3 = ?

(A) 1/9 (B) 0

(C) 1 (D) 1/3

132 જો a : b = 3 : 4 તથા b : c = 5 : 4 હોય તો a : b : c =

(A) 15 : 16 : 20 (B) 3 : 20 : 4

(C) 5 : 3 : 4 (D) 15 : 20 : 16

133 A અને B નો પગારનો ગુણોત્તર 5 : 6 છે. જો A ને B કરતાં ₹1,100 ઓછા મળતા હોય તો બંનેના પગારનો સરવાળો શું થાય?

(A) ₹9,900 (B) ₹12,100

(C) ₹14,400 (D) ₹10,000

134 ₹2000 પર 2 વર્ષ માટે 5% વાર્ષિક દરે સરળ વ્યાજ કેટલું થશે?

(A) 150 (B) 180

(C) 200 (D) 220

135 બે સંખ્યાનો ગુણાકાર 1575 છે તથા તેમની વચ્ચેનો ગુણોત્તર 9 : 7 છે તો નાની સંખ્યા શું હશે?

(A) 25 (B) 45

(C) 35 (D) 70

136 48 નો વર્ગ + 108 નો વર્ગ + 98 નો વર્ગ = ?

(A) 23572 (B) 22572

(C) 24572 (D) આપેલ પૈકી એકપણ નહિ

137 5, 4, 4, 6, 7, 6, 9, 7, 6, 5 નો બહુલક શોધો.

(A) 7 (B) 5

(C) 4 (D) 6

138 ₹3300 એ કોઇ વસ્તુની 3/7 કિંમત છે તો તે વસ્તુની કિંમત શું હશે?

(A) 7600 (B) 7700

(C) 7000 (D) આપેલ પૈકી એકપણ નહિ

139 2/3 એ 1/3 ના કેટલા ટકા છે?

(A) 100% (B) 33.33%

(C) 150% (D) 200%

140 એક દુકાનદાર પાસે બે પ્રકારની ચા પત્તી છે જેની કિંમત પ્રતિ કિગ્રા ₹15 તથા ₹20 છે. તે બંને પ્રકારની ચા ની પત્તીઓનું 2 : 3 ના પ્રમાણમાં મિશ્રણ કરે તો આ રીતે બનેલી ચા ની કિંમત શું હોવી જોઇએ?

(A) 18
(B) 18.5
(C) 17.5
(D) 19

141 કપિલ પાસે એક દ્રવ્ય છે જેની કિંમત ₹50 છે. તેણે કેટલી માત્રામાં પાણી સાથે મિશ્રિત કરવું જોઇએ કે જેથી ₹40 માં મિશ્રણ વેચતાં 25% નફો થાય?

(A) 08:09
(B) 09:16
(C) 09:08
(D) 16:09

142 A ₹85,000 નું રોકાણ કરીને વેપાર ચાલુ કરે છે. અમુક મહિના બાદ B ₹42,500 નું રોકાણ કરી ભાગીદાર બને છે. જો વર્ષના અંતે મૂડી રોકાણના આધારે નફાની વહેંચણી 3 : 1 ના પ્રમાણમાં થાય તો B કેટલા સમયથી ભાગીદાર હશે?

(A) 4 મહિના
(B) 3 મહિના
(C) 6 મહિના
(D) 8 મહિના

143 ચાર ક્રમિક બેકી સંખ્યાઓની સરેરાશ 29 છે. તો સૌથી નાની સંખ્યા કઈ હશે?

(A) 24
(B) 26
(C) 28
(D) 30

144 બે સંખ્યાઓનો ગુણોત્તર 3 : 4 છે. જો બંને સંખ્યામાં 6 ઉમેરવામાં આવે તો આ ગુણોત્તર 4 : 5 બને છે, તો આ સંખ્યા વચ્ચેનો તફાવત શું હશે?

(A) 1
(B) 3
(C) 6
(D) 8

145 3 સંખ્યાઓની સરેરાશ 28 છે. જો પ્રથમ સંખ્યા બીજી સંખ્યા કરતાં અડધી તથા ત્રીજી સંખ્યા બીજી સંખ્યાની બમણી હોય તો ત્રીજી સંખ્યા શોધો.

(A) 48
(B) 24
(C) 12
(D) આપેલ પૈકી એકપણ નહિ

146 20 અવલોકનોનો મધ્યક 31 છે. આમાં એક અવલોકન 25 ને બદલે ભૂલથી 52 લેવાઇ ગયું છે તો સાચો મધ્યક શોધો.

(A) 28.65
(B) 29.65
(C) 31
(D) 30.65

147 નીચેના અવલોકનોને ચઢતા ક્રમમાં ગોઠવવામાં આવ્યા છે. જો તેમનો મધ્યસ્થ 51 હોય તો x શોધો:
26,33,38,44,x+1,x+3, 53,57,62,67.

(A) 48
(B) 49
(C) 50
(D) 51

148 A, B અને C ની હાલની ઉંમરનો સરવાળો 75 વર્ષ છે. 5 વર્ષ પહેલા તેમની ઉંમરનો ગુણોત્તર 5 : 4 : 3 હોય તો 5 વર્ષ બાદ આ ગુણોત્તર શું હશે?

(A) 06:05:04 (B) 05:03:04

(C) 01:03:04 (D) 07:06:05

149 મારા દાદા 16 વર્ષ પહેલાં મારાથી ઉંમરમાં 9 ગણા મોટા હતા. આઠ વર્ષ બાદ તે મારાથી 3 ગણા મોટા હશે તો આઠ વર્ષ પહેલાં મારી ઉંમર અને તેમની ઉંમર વચ્ચેનો ગુણોત્તર શું હતો?

(A) 03:08 (B) 01:05

(C) 01:02 (D) આપેલ પૈકી એકપણ નહિ

150 અક્ષરા પોતાના પગારમાંથી 40% પગાર જમવામાં, 20% ઘરના ભાડામાં, 10% કપડામાં તથા 5% મોબાઈલના બિલમાં વાપરે છે. જો મહિનાના અંતે ₹4,500 તેની પાસે બચત હોય તો તેનો માસિક પગાર શોધો.

(A) 18,000 (B) 20,000

(C) 22,500 (D) આપેલ પૈકી એકપણ નહિ

151 એક શાળાના ધોરણ 10 ની પરીક્ષામાં 78% વિદ્યાર્થી અંગ્રેજીમાં તથા 73% વિદ્યાર્થી ગણિતમાં પાસ થાય છે. 54% વિદ્યાર્થીઓ બંનેમાં પાસ થાય છે. તો કુલ કેટલા ટકા વિદ્યાર્થીઓ બંનેમાં નાપાસ થયા હશે?

(A) 7% (B) 5%

(C) 4% (D) 3%

152 ખાંડની કિંમતમાં 10% નો ઘટાડો થવા પર એક વેપારી ₹22,500 માં 25 કિલોગ્રામ વધુ ખાંડ ખરીદી શકે છે તો ખાંડની મૂળકિંમત પ્રતિ કિલોગ્રામ કેટલી હશે?

(A) 90 (B) 100

(C) 125 (D) આપેલ પૈકી એકપણ નહિ

153 શંકર પોતાના બે ટીવી સમાન કિંમત પર વેચે છે જેમાં તેણે એક ઉપર 20% નફો તથા અન્ય પર 20% ખોટ જાય છે. તો તેને કેટલા ટકા નફો કે ખોટ ગઈ હશે?

(A) 0 (B) 10%

(C) 4% (D) આપેલ પૈકી એકપણ નહિ

154 જો વ્યાજનો દર 4.5% હોય તો ₹450 ઉપર ₹81 સાદું વ્યાજ મેળવવા કેટલો સમય લાગે?

(A) 4 વર્ષ (B) 3.5 વર્ષ

(C) 4.5 વર્ષ (D) 3 વર્ષ

155 ₹15,000 પર 2 વર્ષમાં મળેલ ચક્રવૃદ્ધિ વ્યાજ ₹2496 છે તો વ્યાજનો વાર્ષિક દર શોધો.

(A) 10% (B) 8%

(C) 6% (D) આપેલ પૈકી એકપણ નહિ

156 કોઈ રકમ પર 5% ના વાર્ષિક દરે બે વર્ષોમાં સાદું વ્યાજ અને ચક્રવૃદ્ધિ વ્યાજ વચ્ચેનો તફાવત ₹6 છે તો તે મુદ્દલ કેટલી હશે?

(A) ₹ 2,400 (B) ₹ 2,200

(C) ₹ 2,600 (D) ₹ 2,000

157 એક સાડી સુકાતાં 20 મિનિટ લાગે છે તો 10 સાડી સુકાતાં કેટલો સમય લાગશે?

(A) 200 મિનિટ (B) 10 મિનિટ

(C) 20 મિનિટ (D) આપેલ પૈકી એકપણ નહિ

158 અંકિત એક કાર્ય 30 દિવસમાં પૂરું કરે છે. સમકિત અંકિત કરતાં 50% વધુ કાર્યક્ષમ છે. તો સમકિતને કાર્ય પૂરું કરતાં કેટલો સમય લાગશે?

(A) 20 દિવસ (B) 18 દિવસ

(C) 22.5 દિવસ (D) 15 દિવસ

159 એક વ્યક્તિ 9/20 મુ અંતર બસમાં કાપે છે જયારે બાકી રહેલું 10 કિમી અંતર ચાલતા કાપે છે તો તેણે કુલ કેટલું અંતર (કિમી) કાપ્યું હશે?

(A) 16.16 (B) 20.2

(C) 18.18 (D) 21.21

160 બે આંકડાઓની સૌથી નાની અને સૌથી મોટી સંખ્યાઓનો સરવાળો કેટલો થાય?

(A) 110 (B) 109

(C) 100 (D) આપેલ પૈકી એકપણ નહિ

161 બે વર્તુળની ત્રિજ્યાનો ગુણોત્તર 6 : 13 છે તો તેમના ક્ષેત્રફળનો ગુણોત્તર શું થાય?

(A) 13 : 6 (B) 169 : 36

(C) 36 : 169 (D) આપેલ પૈકી એકપણ નહિ

162 2, 6, 12, 20, 30, 42, ?

(A) 52 (B) 56

(C) 60 (D) 72

163 M એ N નો પુત્ર છે. N એ O નો પિતા છે. O એ P ની બહેન છે. M અને P નો સંબંધ શું છે?

(A) ભાઈ – બહેન (B) ભાઈ – ભાઈ

(C) પિતા – પુત્ર (D) A અથવા B કોઇપણ

164 1, 4, 9, 27, 256, ?

(A) 3125 (B) 2401

(C) 729 (D) 625

165 કોઇ એક સંખ્યાના 35 ટકાના 5 ટકા 7 થાય છે તો તે સંખ્યા કઇ હશે?

(A) 2800
(B) 245
(C) 515
(D) 400

166 અજય 10 km ઉત્તર તરફ ચાલે છે, ત્યારબાદ 6 km દક્ષિણ તરફ ચાલે છે અને પછી 3 km પૂર્વ તરફ ચાલે છે તો અજય તેના મૂળ સ્થાનેથી કઇ દિશામાં અને કેટલા અંતરે દૂર હશે?

(A) ઈશાન – 5 km
(B) ઉત્તર – 19 km
(C) પૂર્વ – 5 km
(D) ઈશાન – 19 km

167 PERPENDICULAR, ERPENDICULA, RPENDICUL, ?

(A) PENDICUL
(B) ENDIC
(C) PENDIC
(D) PENDICU

168 BLOCKED : YOLXPVW :: ? : OZFMXS

(A) LAUNCH
(B) LABOUR
(C) LAUNCH
(D) LABOUR

169 જો CAT = DBU હોય, તો DOG = ?

(A) EPH
(B) EOG
(C) DPH
(D) FPH

170 9 ની આગળ તરત 8 અને પાછળ 6 આવતા હોય તેવા 9 ની સંખ્યા કેટલી છે?
9896998969698969698969

(A) 4
(B) 3
(C) 6
(D) 5

171 નીચે પૈકી કઇ સંસ્થાએ હાલમાં નવેમ્બર 2025 માં પોતાનો સ્થાપના (Raising) દિવસ દેશભક્તિના કાર્યક્રમો સાથે ઉજવ્યો?

(A) BSF
(B) CRPF
(C) NDRF
(D) NCC

172 નવેમ્બર 2026 માં થનાર G20 સમિતની પ્રેસીડન્સી કયા દેશ પાસે છે?

(A) સાઉથ આફ્રિકા
(B) ઇંગ્લેન્ડ
(C) બ્રાઝિલ
(D) યુ.એસ.એ.

173 2025 મહિલા વર્લ્ડ કપની ફાઇનલમાં નીચે પૈકી કોને "પ્લેયર ઓફ ધ મેચ" નો ખિતાબ આપવામાં આવ્યો હતો?

(A) હરમનપ્રીત કૌર
(B) દીપ્તિ શર્મા
(C) શેફાલી વર્મા
(D) સ્મૃતિ મંધાના

174 પીએમ મિત્ર યોજના કયા ઉદ્યોગ સાથે સંકળાયેલી છે?

(A) કાપડ
(B) ખાદ્ય પ્રક્રિયા
(C) ઓટોમોબાઇલ્સ
(D) નવીનીકરણીય ઉર્જા

175 18મી BRICS સમિટની યજમાની નીચે પૈકી કયા દેશ પાસે છે?

(A) ભારત
(B) બ્રાઝિલ
(C) ઓસ્ટ્રેલિયા
(D) ફ્રાન્સ

176 આંતરરાષ્ટ્રીય AIDS દિવસ ક્યારે ઉજવવામાં આવે છે?

(A) 5 ડિસેમ્બર
(B) 1 ડિસેમ્બર
(C) 7 ડિસેમ્બર
(D) 3 ડિસેમ્બર

177 મહર્ષિ વાલ્મિકી ઇન્ટરનેશનલ એરપોર્ટ કયાં આવેલું છે?

(A) પ્રયાગરાજ
(B) વારાણસી
(C) અયોધ્યા
(D) ઉજ્જૈન

178 કયા રાજ્ય દ્વારા ભારતનો પ્રથમ ડ્રોન આધારિત કૃત્રિમ વરસાદનો પ્રયત્ન કરવામાં આવ્યો?

(A) ગુજરાત
(B) મહારાષ્ટ્ર
(C) રાજસ્થાન
(D) મધ્યપ્રદેશ

179 આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) ના સૌપ્રથમ મહિલા પ્રમુખ કોણ છે?

(A) Mrs. Gunila Lindberg
(B) Mrs. Kirsty Coventry
(C) Mrs. Nita Ambani
(D) Ms. Tricia SMITH

180 FIDE મહિલા વર્લ્ડ કપ 2025 કોણે જીત્યો?

(A) કોનેરુ હમ્પી
(B) ટેન ઝોંગી
(C) દિવ્યા દેશમુખ
(D) જુ વેનજુન

181 તાજેતરમાં ભારતની 94મી રામસર સાઇટ કઇ જાહેર થઇ છે?

(A) ગોકુળ જળાશય
(B) ઉદયપુર તળાવ
(C) નળ સરોવર
(D) ગોગાબીલ તળાવ

182 મેરઠના કયા સંગીત વાદ્યને ભૌગોલિક સંકેત (GI) ટેગ મળ્યો છે?

(A) ઢોલક
(B) સિતાર
(C) બ્યુગલ
(D) તબલા

183 તાજેતરમાં WHO એ નીચે પૈકી કયા દેશને સત્તાવાર રીતે ટાઇપ - 2 પોલીયો મુક્ત જાહેર કરવામાં આવેલ છે?

(A) મલેશિયા
(B) ઇન્ડોનેશિયા
(C) ફિનલેન્ડ
(D) વિયેતનામ

184 જસ્ટિસ સૂર્યકાંતે ભારતના કેટલામાં મુખ્ય ન્યાયાધીશ (CJI) તરીકે શપથ લીધા?

(A) 51
(B) 52
(C) 53
(D) 55

185 બોલીવુડના 'હી-મેન' તરીકે ઓળખાતા ધર્મેન્દ્રજીને કયા વર્ષે પદ્મ ભૂષણ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા?

(A) 2010
(B) 2012
(C) 2014
(D) 2008

186 નીચે પૈકી કયો દેશ ASEAN નો સભ્ય નથી?

(A) શ્રીલંકા
(B) બ્રુનઈ
(C) કંબોડિયા
(D) મ્યાનમાર

187 તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પ્રોજેકટ અરૂણાંક ' કઇ સંસ્થાની પહેલ છે?

(A) NHAI
(B) DRDO
(C) ISRO
(D) BRO

188 ભારત કયા સમયગાળા માટે યુએન માનવ અધિકાર પરિષદ (UNHRC)માં ચૂંટાયું છે?

(A) 2026-27
(B) 2026-29
(C) 2026-28
(D) 2026-32

189 ભારત – AI ઈમ્પેક્ટ સમિટ કયા વર્ષે યોજાવાની છે?

(A) 2026
(B) 2027
(C) 2028
(D) 2029

190 નીચેનામાંથી કોણ "શુટીંગ" ની રમત સાથે સંબધિત નથી?

(A) સૌરભ ચૌધરી
(B) સાક્ષી મલીક
(C) લજ્જા ગોસ્વામી
(D) અભિનવ બિંદ્રા

191 ભારતભરમાં રેલ્વે સ્ટેશનોના પુનઃવિકાસ માટે શરૂ કરાયેલી યોજનાનું નામ શું છે?

(A) સ્માર્ટ સ્ટેશન મિશન
(B) ભારત રેલ વિકાસ યોજના
(C) આધુનિક રેલ કોરિડોર પ્રોજેક્ટ
(D) અમૃત ભારત સ્ટેશન યોજના

192 વર્લ્ડ ફ્યુચર સ્કિલ્સ ઇન્ડેક્સ 2025 માં ભારતનો ક્રમ કેટલો છે?

(A) પહેલુ
(B) બીજુ
(C) ત્રીજુ
(D) ચોથુ

193 નીચે પૈકી કોને મનોહર પારિકર યુવા વૈજ્ઞાનિક પુરસ્કાર 2025 એનાયત કરવામાં આવ્યો?

(A) ડૉ. સાઇ ગૌતમ કૃષ્ણન
(B) ડૉ. અંનત રામાસ્વામી
(C) ડૉ. કિશોર શ્રીવાસ્તવ
(D) ડૉ. પારિતોષ સુબ્રમણ્યમ

194 ઉત્તરપ્રદેશ અમેઠીના એક કારખાનામં કઈ Assault Rifleનું પ્રોડકશન કરવામાં આવી રહ્યું છે?

(A) AK-101
(B) AK-103
(C) AK- 201
(D) AK- 203

195 MSP પર ખેડૂતો પાસેથી તમામ પાક ખરીદવા તાજેતરમાં કયું રાજય ભારતમાં પ્રથમ બન્યું છે?

(A) હરિયાણા
(B) ગુજરાત
(C) પંજાબ
(D) બિહાર

196 ભારતના કયા શહેરમાં દેશના પ્રથમ સેમિકન્ડકટર ઇનોવેશન મ્યુઝિયમનું ઘર બન્યું છે?

(A) બેંગલુરુ
(B) નવી દિલ્હી
(C) કોલકાતા
(D) હૈદરાબાદ

197 નેશનલ મિશન ફોર મેન્ટરિંગ (NMM) કયા મંત્રાલયની મુખ્ય પહેલ છે?

(A) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય
(B) સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રાલય
(C) શ્રમ અને રોજગાર મંત્રાલય
(D) શિક્ષણ મંત્રાલય

198 તાજેતરમાં સમાચારમાં જોવા મળેલી એલોરા ગુફાઓ કયા રાજ્યમાં આવેલી છે?

(A) મહારાષ્ટ્ર
(B) ગુજરાત
(C) કર્ણાટક
(D) કેરળ

199 સૂર્ય કિરણ ભારત અને કયા દેશ વચ્ચેનો સંયુક્ત લશ્કરી અભ્યાસ છે?

(A) નેપાળ
(B) જાપાન
(C) ચીન
(D) વિયેતનામ

200 સૈયદ મુશ્તાક અલી ટ્રોફી 2025 કઇ રમત સાથે સંકળાયેલી છે?

(A) ક્રિકેટ
(B) ફૂટબોલ
(C) કબડ્ડી
(D) હોકી

XXXXXXXXXXXXXX